SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-1, January to March : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ભારતીય જ્ઞાન પરંપરામાં પાંગરેલી 'આય્ રની' સંજ્ઞા

ડૉ. પ્રીતિ ધામેલિયા
મદદનીશ પ્રાધ્યાપક,
ગુજરાતી વિભાગ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, સુરેન્દ્રનગર

સાહિત્યિક સંજ્ઞાઓ વિશે ભારતમાં જ નહીં, અન્યત્ર પણ ઠીક-ઠીક ગૂંચવાડા ઊભા થયેલા જોવા મળે છે. સ્થળ-કાળવિશેષ, સામાજિક સંદર્ભ કે સાહિત્યિક વિભાવનાઓમાં થતા પરિવર્તનોના અનુલક્ષમાં આવી સંજ્ઞાઓમાં- તેના અર્થમાં, સંકોચન અને વિકાસની બાબતે ક્યારેક અસ્પષ્ટતા વધે, ધૂંધળાશ ઊભી થાય, સામસામેના અભિપ્રાયો પણ મળી આવે. 'આય્ રની' સંજ્ઞાનો ઇતિહાસ પણ આવા મતવૈવિધ્યથી ભરપૂર છે. વ્યક્તિથી વિશ્વ સુધીના એના ફલકનો પણ હવે સ્વીકાર થતો જણાય છે. સાહિત્યના વિદ્યાર્થીઓ -અભ્યાસીઓ માટે 'આય્ રની' સંજ્ઞા ઘણા વર્ષો સુધી સંદિગ્ધ રહી. પણ હવે એની સાહિત્યિક અને સાંસ્કૃતિક-ઉભય પ્રકારની અગત્યતા ઊભી થઈ છે. એક અસાધારણ વસ્તુ તરીકે એને જોવામાં આવે છે. "બેવડાં ધોરણોએ જીવતા આજના માનવીનો અને તેની કૃતક જીવનશૈલીનો વિચાર કરીએ છીએ ત્યારે 'આય્ રની' જેવું તત્ત્વ સાહિત્ય અભિવ્યક્તિમાં વધુને વધુ મહત્તા ધારણ કરતું જણાય છે, ને એમ વધુને વધુ પ્રસ્તુત પણ."1 તો આ આયર્ન ની શું છે? સાહિત્યમાં તેની અગત્યતા શી છે? કેવા કેવા રૂપે તે આકારિત થતી રહી છે? સર્જકને 'આય્ રની' તરફ લઈ જવા કઈ વસ્તુ તકાજો કરે છે? વાચક-ભાવક કે શ્રોતા એની સામેના લિખિત કે ઉચ્ચારિત શબ્દોમાંથી આયરોનિક ટોન પકડવા કેમ લલચાયા છે? આ 'આય્ રની'નું કાર્ય શું છે? તેનો ઉપયોગ શું છે? તેનો ઇતિહાસ શું છે? 'આય્ રની'ના વિનિયોગથી સુરુચિભંગ થાય છે ખરો? સાહિત્યકાર એના ઉપયોગથી શું સિદ્ધ કરવા માંગે છે? આવું તત્ત્વ સાહિત્યમાં ન હોય ત્યારે અથવા તો હોય ત્યારે કૃતિ તરીકે તેમાં કશો ફેર પડે છે ખરો? આવા અનેક પ્રકારના પ્રશ્નો જિજ્ઞાસુના મનમાં ચોક્કસપણે જાગવાના જ. અહીં આ 'આય્ રની' વિશેની, તેના સ્વરૂપને ઉઘાડી આપતી થોડી ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

આપણે ત્યાં ગુજરાતીમાં 'આય્ રની' શબ્દનો પ્રયોગ પ્રસંગોપાત થતો રહે છે પણ પશ્ચિમમાં જે અર્થમાં 'આય્ રની'નો પ્રયોગ થાય છે એ અર્થમાં નહીં. અહીં 'આય્ રની'નુ એક સીમિત રૂપ આપણા મનમાં રહ્યું છે. "ઘણું ખરું તો નાટકો ભણાવનાર અથવા તો નાટ્ય સ્વરૂપની કોઈક રૂપે ચર્ચા કરનારાઓ ડ્રામેટિક 'આય્ રની'ની વાત છેડે છે પણ પછી આગળ નીકળીને 'આય્ રની'ના જે અનેક સંકુલ રૂપો રહ્યા છે તે વિશે ઝાઝો વિચાર થયો નથી. સંસ્કૃતના અભ્યાસ-અધ્યાસને કારણે ગુજરાતી અને હિન્દીમાં કેટલાક વિદ્વાનો 'આય્ રની'ની ને કુંતકના 'વક્રોક્તિ'વાદ સાથે જોડે છે અને 'આય્ રની'નું અર્થઘટન કરવાનો પ્રયત્ન કરે છે. વૈદગ્ધ્ય અર્થાત્ ચાતુર્યપૂર્ણ કવિકર્મ, કાવ્યનિર્માણનુ કૌશલ, એની ભંગિ, શૈલી યા તો શોભા, એની ભણિતિ અર્થાત તેનું વર્ણન-કથન કરવું. આ વિચિત્ર પ્રકારની વર્ણન શૈલી તે વક્રોક્તિ-કુંતકના આ વક્રોક્તિ વિષયક ખ્યાલને 'આય્ રની' સાથે જોડી શકાય તેમ નથી."2

ગુજરાતીમાં 'આય્ રની'ની વિચારણા નહિવત્ થઈ છે. વળી, આજનો 'આય્ રની' વિશેનો છેલ્લામાં છેલ્લો જે ખ્યાલ પ્રવર્તે છે તે તત્વઃ પશ્ચિમને આભારી છે. વક્ર દર્શન કે વ્યંગ્યાત્મક અભિગમ તો માત્ર તેનો પ્રાથમિક પરિચય છે. પણ, તે પછી ઉત્તરોત્તર નીતિશાસ્ત્ર, ફિલસૂફી, સૌંદર્યશાસ્ત્રમાં તેનો જે રીતે સંચાર થયો છે- તેને વ્યાપક રૂપ મળ્યું છે તે પશ્ચિમની અસરના લીધે જ. આપણા સાહિત્યમાં 'આય્ રની'નો વિનિયોગ ઓછાવત્તા પ્રમાણમાં થતો જ રહ્યો છે. આપણા સંતોની વાણીમાં, મધ્યકાલીન કવિઓની કૃતિઓમાં 'આય્ રની'ના અંશોની ભાળ ચોક્કસ મળવાની! પદ્મનાથ, અખો, ધીરો, ભોજા ભગત, પ્રેમાનંદની સાથે જ નર્મદ, દલપત, ગોવર્ધનરામ અને એ પછી રમણભાઈ નીલકંઠથી માંડીને આજ સુધીના ઘણા સર્જોકોની કૃતિઓમાંથી 'આય્ રની'ના દૃષ્ટાંતો શોધી શકાય છે કોઈપણ કાળના સર્જકને 'આય્ રની' શબ્દની સમજ કદાચ નહોતી ત્યારે પણ 'આય્ રની' વિના ચાલ્યું નથી. પશ્ચિમના પરિચયથી બાદમાં આપણને ખબર પડી કે 'આય્ રની' આને કહેવાય! માનવમનની અકળ લીલાને પારખવાની તરકીબો પૈકીની એક એટલે 'આય્ રની' પણ છે. અલગ- અલગ સમયે દરેક દેશ- કાળ અને

ભાષાના ઉત્તમ સર્જકને જીવનની કેટલીક બુનિયાદી બાબતો સાથે ઘેરી નિસ્બત રહી હોય છે. માનવમનની અનેક ગલીકુચીઓમાં તેની સતત આવનજાવન રહી હોય છે. આવા વખતે મનને મૂંઝવનારા અનેક પ્રશ્નો ઊભા થાય છે, તેના જવાબ અથવા ઉકેલ હાથવગા નથી હોતા ત્યારે તેના ઉકેલ માટે મંથન કરવું પડે છે, સંઘર્ષ કરવો પડે છે અને પછી ક્યારેક એનો ઉપાય મળે છે. એવા ઉપાયને સર્જક કૃતિ દ્વારા માનવ સમક્ષ પ્રગટ કરે છે. આમ કરવામાં સર્જકને અવારનવાર સાથ આપતું સાહિત્યિક તત્ત્વ એટલે 'આયૃ રની'.

'આયૃ રની'નું સ્વરૂપઃ

'આયૃ રની' એક વિકસી રહેલી સંજ્ઞા છે. આજના યુગનો માનવ એક સાથે અનેક મોરચે લડતો દેખાય છે. આથી કસોટીઓ, આફતો, મુશ્કેલીઓ જાણે કે કોઠે પડી ગઈ હોય તેમ ઘણી વાર માનવ તટસ્થ ભાવે માત્ર અને માત્ર ઈશ્વરની લીલાને નીરખી રહે છે. પોતાની આસપાસની તમામ ગંભીર બાબતોને ઓળખે છે છતાં ઇષ્ટ, અનિષ્ટ, સુખ-દુઃખ, માન-સન્માન, ધર્મ, નીતિ, યુદ્ધ, શાંતિ, સંવાદ કે પછી વિસંવાદ -આ તમામને સારી રીતે અનુભવે છે છતાં ગંભીરતાથી લેવાને બદલે માત્ર ને માત્ર વક્રદષ્ટિથી જોયા કરે છે. ગંભીરતાના તમામ અંશોને જાણે કે સ્પર્શ પણ કરવા દેતા નથી. "આવા સમયમાં 'આયૃ રની'નું તત્ત્વ ડાહ્યા માણસો અને સર્જકો માટે એક મોટું હથિયાર સાબિત થાય છે. વિરોધો અને વક્રતાઓથી ઠસોઠસ 'આયૃ રની'માં ગ્યુઈથે કહે છે તેમ, માણસને એના સુખદુઃખથી, ઈસ્ટનિષ્ઠથી, જીવન- મૃત્યુથી ક્યાંક દૂર લઈ જવાની શક્તિ છે. અનેક અટપટા રંગોથી ભરેલા માણસ અને જગતને જોવા માટે બહિર્ગોળ કે અંતર્ગોળ કાચ હવે ચાલે તેમ નથી તે માટે આયરાની જેવા કશાક વક્રતા સભર કાચની અનિવાર્યતા રહે છે"3 'આયૃ રની' જીવનના સત્યની નજીક લઈ જનાર વસ્તુ છે. ઘણીવાર તેમાં હાંસી, ઠેકડી, વક્રતા, તુચ્છતા, વાંકદેખાપણુ અથવા નરી નકારાત્મકતા દેખાય છે જે તેની મૂળગત સ્વરૂપ પ્રકૃતિ છે. તેના દ્વારા જ જીવનનો મર્મ ખુલે છે, સત્ય પ્રકાશે છે. વિશાળ માનવ જીવનને-માનવમનને ઉઘાડી આપવાની ચાવી 'આયૃ રની'માં છે. હાલના સમયે સોશિયલ મીડિયા પર મુકાતી 80% રીલ્સને ચોક્કસપણે આ શ્રેણીમાં મૂકી શકાય.

'આયૃ રની'માં મર્માળુ ડહાપણ ભળેલું છે તેથી તે તટસ્થતા શીખવે છે. નિર્દોષતાનું તત્ત્વ પણ તેમાં છે. ઘણીવાર બોલનાર અથવા લખનાર નિર્દોષતાના પડ નીચે છેતરામણી યુક્તિ કરી કશુક અર્થપૂર્ણ કહેવા માંગતો હોય છે. ક્યારેક 'આયૃ રની'માં વાસ્તવ અને દેખાવ વચ્ચે વિરોધ જોવા મળે છે. ઘણી વખત રીઢો થઈ ગયેલો માણસ ગોળ ગોળ બોલીને પોતાનું કામ કરાવી લે તો ક્યારેક વાસ્તવિકતા છુપાવી અન્ય બાબતોને આધારે આગળ વધતો રહે છે. હાલના સમયે સાવ સાચું, તડ અને ફડ કરનારો ભાગ્યે જ કોઈ મળવાનો એટલે "'વાસ્તવિકતા' અને 'દેખાવ' વિશેના મોટાભાગના નિરીક્ષણો, અર્થઘટનો, ઉદ્‌ગારો-શબ્દો સાચાં હોવાને બદલે ભળતા હોય છે- વ્યવહાર બુદ્ધિથી પ્રેરિત આવા ખેલ વિશે આપણે સૌ જાણતા હોઈએ છીએ છતાં એવું નાટક તો ભજવાતું જ જાય છે."4

કેટલાક વિદ્વાનો 'આયૃ રની'માં વિનોદ તત્ત્વની અપેક્ષા રાખે છે. દુઃખ-દર્દની સાથે વક્રતાથી વિનોદ ભળે તો રસકીય સંતુલન ઊભું કરી શકાય. આ સાથે જ બીજી વાત પણ નોંધવી રહી કે 'આયૃ રની'માં હાસ્ય વિનોદની ક્યાંક ને ક્યાંક તો પગલીઓ ઢંકાયેલી પડી જ હોય છે. માત્ર વેદનામાંથી સામે પડેલા હાસ્યતત્ત્વને બહાર કાઢી આપવાનું કામ સર્જકે કરવાનું હોય છે. જોકે 'આયૃ રની'માં મોટે ભાગે હાસ્ય-વિનોદનું તત્ત્વ અલ્પ જ હોય છે. આદિકાળથી ક્યાંય પણ ઉકેલ ન દેખાય ત્યારે ગમે તેવા દુઃખને હાસ્યની પાછળ છુપાવીને આગળ વધવાની ચેષ્ટાઓ થતી જ આવી છે.

'આયૃ રની'ના અનુસંધાનમાં તટસ્થતાનો મુદ્દો પણ વારંવાર ચર્ચાય છે. એવું માનવામાં આવે છે કે તટસ્થતા જેટલી વધુ એટલી કૃતિની સફળતા વધુ. ઘણા વિદ્વાનોના મતે શબ્દ, નાદ, લય તેની ગોઠવણી, સ્વરભાર વ્યવસ્થા, ક્રિયાપદોના ઉચિત ઉપયોગથી થયેલી સૌંદર્યસભર ગૂંથણી જ 'આયૃ રની'ની અને કહો કે સમગ્ર કૃતિની છાપ ઉપસાવી આપે છે.

ગુજરાતી સાહિત્યમાં 'આયૃ રની' :

સામાન્ય રીતે આખા એ જગતમાં બે પ્રકારના માનવનો ભેટો થાય છે. એક એવા લોકો જે આગળ પાછળનો ઝાઝો વિચાર કરવાને બદલે સીધું સ્પષ્ટ ભાષામાં-અભિધા અર્થમાં જ કહી દે છે. ઘણાં આનાથી ઊલટું કરનારાઓ હોય છે. ક્યારેક સીધા કથન કરતા વક્ર કથન વધુ ચોટદાર બનશે એવું બોલનાર વિચારતો હોય છે. વાક્યમાંથી દેખીતો જે અર્થ મળતો હોય એ ઉપરાંત એમાંથી અન્ય કશો અર્થ પણ ધ્વનિત થતો હોય એવું બોલાતું હોય છે. ક્યારેક તો આમ કર્યા સિવાય બીજો ઉપાય પણ નથી હોતો. મેણાં ટોણાં, વ્યંગ્ય, નર્મ - મર્મ હાસ્ય જેવા અનેક સ્તરેથી ભાષા પ્રયોજાતિ હોય છે. આ બધું એક રીતે આપણને જાણતા અજાણતા 'આયૃ રની' તરફ દોરી જાય છે 'આયૃ રની'નો પ્રયોગ બોલચાલની વ્યવહારની ભાષામાં આપણે અનેક વાર કરીએ છીએ. આ પ્રયોગ એટલો સહજ રીતે થતો હોય છે કે સભાનતાથી જોઈએ તો ખુદ આશ્ચર્યમાં પડી જઈએ. ઘણીવાર ભાષા પ્રપંચથી આખું સંવેદનવિશ્વ આપણી સામે 'આયૃ રની'નું રૂપ ધરીને આવે છે. રામાયણ, મહાભારત, ભગવદ્‌ગીતા જેવા પ્રશિષ્ટ ગ્રંથોમાં માનવમનની અનેક ગલીકુચીઓ અને જીવન-જગતના અનેક ખૂણાઓ ખુલ્યા છે. આવા ગ્રંથો એક અર્થમાં તો ત્રણેય કાળમાં વ્યાપેલા હોય છે. જગતમાં જે છે તે બધું આ ગ્રંથોમાં છે અને આ ગ્રંથોમાં નથી તે જગતમાં ક્યાંય નથી એવા કથન પાછળ

ખરેખર સત્યનો રણકો તો ખરો જ! અહીં નિયતિ, માનવ, વિશ્વ વગેરેના પાર વિનાના અર્થઘટનો આપણને પ્રાપ્ત થાય છે. આપણા મહાગ્રંથોમાં ક્યાંક પરિસ્થિતિ, તો ક્યાંક પાત્ર અને ક્યાંક વિધિ 'આય્ રની' માટે નિમિત્તરૂપ બન્યા છે. સંસ્કૃત સાહિત્યમાં કાલિદાસ, ભવભૂતિ, ભાસ કે બાણ જેવા સમર્થ સર્જકોમાં પણ 'આય્ રની'નો વિનિયોગ ઊડીને આંખે વળગે એ રીતે થયેલો જોવા મળે છે.

ગુજરાતી સાહિત્યના અનુસંધાનમાં 'આય્ રની'નો વિચાર કરતા બે બાબતો સ્પષ્ટ તરી આવે છે. એક તો આ સંજ્ઞા વિશે હજી આપણે પુરા સતર્ક નથી, પરિણામે એના સ્વરૂપ અને તેમાં રહેલી શક્યતાઓ વિશે ઝાઝો વિચાર કર્યો નથી. તેની પાયાગત સમજ વિસ્તરી-વિકસી નથી.

-આમ છતાં "ગુજરાતી સર્જકતા 'આય્ રની'થી છેક જ અસ્પૃશ્ય રહી છે એમ તો નહીં કહીએ. ઈચ્છીએ તો પ્રાકૃત-અપભ્રંશથી તેના દૃષ્ટાંતો ખોળી શકીએ. પણ અહીં ઘણું અભાનપણે આવ્યું છે. અને તેય અમુક ઉક્તિઓ, પંક્તિઓ પૂરતું તે સીમિત હોય છે. એક સંજ્ઞા લેખે પૂરી સંપ્રજ્ઞતા સાથે તેનો વિનિયોગ થયો હોય, બૃહદ ફલક ઉપર તેનો પથરાટ હોય કે એવી 'આય્ રની' દ્વારા અનેક પરિમાણો ઊભા થતા હોય, કૃતિ અનેક કંપવાળી બનતી હોય તેવું અપવાદરૂપે જ ક્યાંક ક્યાંક બન્યું છે. 'આય્ રની'માં રહેલી થોકબંધ શક્યતાઓને ઉપયોગવાનું એ રીતે આપણે ત્યાં હજી જાણે બાકી રહ્યું છે."5

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પર દષ્ટિ કરતા ભિન્ન ભિન્ન સમયની અનેક કૃતિમાં 'આય્ રની'ની કોઈ કોઈ છાયાઓ સુંદર રીતે ઝિલાયેલી જોવા મળે છે. અખા, ભોજા, ધીરામાં તેનું વધુ ક્ષમતાવાળુ રૂપ પણ પ્રગટ્યું છે

પંદરમાં શતકના ગણનાપાત્ર કવિ પદ્મનાભ 'કાન્હડદે પ્રબંધ'માં કોઈ કોઈક સ્થળે 'આય્ રની'ની છાંટ બતાવે છે. અખાના નીચેના છપ્પામાં સાદી 'આય્ રની'ની ભાત અનેકવાર ઉપસી આવતી જણાય છે જુઓ:

'સસાસીંગનું વહાણ જ કર્યું, મૃગતૃષણામાં જઈને ઠર્યું
વંધ્યાસુત બે વા'ણે ચઢ્યા, ખ પુષ્પ વસાણાં ભર્યા.'

એ જ રીતે ધીરાના પદ કે કાફીઓ પણ અખાના છપ્પાની જેમ જ દષ્ટાંતોથી જ પુષ્ટ થતા આવે છે:

'મા મેડકિયે મણીધર માર્યો
સમુદ્ર પી ગયો મીન;
અજા એ આપને ઉદરમાં રાખ્યું
એમ ધણી પ્રજાને આધીન;
ખગે બાજ ઝડપ્યો રે
સ્વાન ભઈથી સિંહ છટકે'

ભોજા ભગતના ચાબખા રૂપી પદોમાં પણ 'આય્ રની'ની કેટલીક છટાઓ ઊતરી આવી છે. 'હાલોને કીડીબાઈની જાનમાં' તેનુ ઉત્તમ ઉદાહરણ છે.

પ્રેમાનંદના 'કુંવરબાઈનુ મામેરુ'અને 'સુદામાચરિત્ર'માં પણ નાટ્યાત્મક વક્રતા જન્માવતી અનેક પંક્તિઓ જોવા મળે છે. દલપતરામના 'મિથ્યાભિમાન', રમણભાઈની 'ભદ્રંભદ્ર', જ્યોતીન્દ્ર દવે-ધનસુખલાલ મહેતાની 'અમે બધાં'માં અનુક્રમે જીવરામ ભટ્ટ, ભદ્રંભદ્ર, બિપિનના માધ્યમથી 'આય્ રની'નું તત્ત્વ નિષ્પન્ન થતું દેખાય છે. દિગીશ મહેતાએ 'આપણો ઘડીક સંગ', રઘુવીર ચૌધરીએ 'એકલવ્ય'માં 'આય્ રની'ની લ્હાણી કરી છે.

હવે અર્વાચીન અને આધુનિક કાવ્યસૃષ્ટિમાંથી થોડાક દષ્ટાંતો:

કવિ કાન્તની કાવ્યસૃષ્ટિ-તેમના ખંડકાવ્યો હંમેશા તાજપનો અનુભવ કરાવે છે. નવા નવાં અર્થઘટનો માટે એમની કાવ્યસૃષ્ટિનું અભ્યાસીઓને હંમેશા નિમંત્રણ રહ્યું છે. 'ચક્રવાકમિથુન', 'રમા', 'વસંતવિજય', 'દેવયાની', 'અતિજ્ઞાન'- આ તમામમાં મૂળગત વિસંગતિથી ભરેલ વિષય છે. એ અનુસંધાને તેમાંથી તજજન્ય વક્રતાસભર પરિમાણ ઊભા થાય છે. એમની રચનાઓમાં ગમે તે સ્થાનેથી પણ 'આય્ રની' શોધી શકાય છે 'રમા'નો ઉઘાડ જોઈએ:

'વ્યોમથી જલની ધારા જોરમાં પડતી હતી;
ઢળી પલંગને પાયે સુંદરી રડતી હતી!'

'અતિજ્ઞાન'જોઈએ તો-

'હા ધિક! હા ધિક! કૃતઘ્ની હું આમ મૌન ધરી રહું;
આવતું વાદળું દેખી મુખથી ન કશું કહું?'

જ્ઞાનની આ કરુણતાથી વ્યથિત સહદેવ 'હા ધિક!' કહી પોતાનો જ જે રીતે તિરસ્કાર કરે છે તેમાં self disparaging ironyના અંશો ભારોભાર રહ્યા છે.

ઉમાશંકર જોશીનું 'બળતા પાણી' કાવ્યમાંથી તથા 'પ્રાચીના' અને 'મહાપ્રસ્થાન'માંથી પણ 'આય્ રની'ના સારા દૃષ્ટાંતો મળી રહે છે. નિરંજન ભગતના 'પ્રવાલદ્વીપ'ની ઘણી રચનાઓ 'આય્ રની'ની ભૂમિકાએથી ઊઠતી જણાય છે. તેમની રચનામાં વક્રતા ઘન રૂપ ધારણ કરે છે. લાભશંકર ઠાકરની 'માણસની વાત', રાવજી પટેલની 'સ્વ.હુંશીલાલની યાદમાં', સિતાંશુની 'યમદૂત' રચના મધુરાયની 'હાર્મોનિકા' પ્રકારની વાર્તાઓમાં, જયંતિ દલાલકૃત 'સોયનું નાકું' એકાંકી, આદિલનું 'પેન્સિલની કબર અને મીણબત્તી' ઇન્દુ પુવારની 'હું પશલો છું', ચિનુ મોદીની 'હુકમ માલિક' અને ગુજરાતી કૃતિઓ 'રાઈનો પર્વત', 'પરિત્રાણ', 'શર્વિલક' વગેરેમાં પણ 'આય્ રની'ના દૃષ્ટાંત મળી રહે છે. આ ઉપરાંત બકુલ ત્રિપાઠી કૃત 'ગ્રંથાલયની હવામાં', વિનોદ ભટ્ટના 'લાલચ', ચંદ્રકાંત શેઠના 'ભાઈરામ', પ્રવીણ દરજીના 'વેણુરવ'ની અમુક રચનાઓ આ પ્રકારની છે.

ટૂંકમાં, આજના લાક્ષણિક માનવ અને વિશ્વ સાથે કામ પાર પાડતા સર્જક માટે 'આય્ રની' એક તાકતવર ઓજાર બની છે. આપણું ગુજરાતી વિવેચન આ દિશામાં થોડું જાગૃત બને અને ગુજરાતી સર્જક 'આય્ રની'માં છુપાયેલી અપરંપાર શક્યતાઓનો લાભ લેવા કટિબદ્ધ બને તો ભવિષ્યમાં ઘણા ઉજળા પરિણામો મળવાની સંભાવનાઓ છે.

અનેકમુખી વ્યક્તિત્વ લઈને ફરનારા લોકો છે, હર પળે રંગ બદલતુ વિશ્વ છે ત્યાં સુધી જીવન અને સર્જનમાં 'આય્ રની'ની મહત્તા અકબંધ રહેવાની. સોશિયલ મીડિયા પર જે રીતનું સાહિત્ય જોવા મળે છે અને જે રીતે એ પીરસાઈ રહ્યું છે એ જોતા 'આય્ રની'નું ખેડાણ અજાણતા પણ પૂરજોશમાં થતું હોય એવું લાગે છે.


સંદર્ભ:

ડૉ. પ્રવીણ દરજી, 'આય્ રની', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, પૃ. ૨

ડૉ. પ્રવીણ દરજી, 'આય્ રની', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, પૃ. ૨

ડૉ. પ્રવીણ દરજી, 'આય્ રની', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, પૃ. ૧૯

ડૉ. પ્રવીણ દરજી, 'આય્ રની', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, પૃ. ૨૨

ડૉ. પ્રવીણ દરજી, 'આય્ રની', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, પૃ. ૬૬